# સ્ત્રી નિયોજકો (entrepreneurs) અને સ્ત્રી કર્મચારીઓ / કામદારો-નૂતન ભારતનો મહાશકિત સ્ત્રોત(ગુજરાતના હીરા ઉધોગ સંદર્ભે)

**ડૉ. શ્રીધર આર. નિમાવત**
વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી,
સુરત.

Received Jan. 01, 2017 Accepted March 10, 2017

જગતમાં સ્ત્રીઓની સંખ્યા ૫૦% જેટલી હોવા છતાં જગતની મિલ્કતમાં તેમનો હિસ્સો માત્ર ૧% જેટલો ન્યૂન છે, તેમનો ઔદ્યોગીકરણ અને આર્થિક વિકાસમાં હિસ્સો ગણતરીમાં લેવાયો નથી. લીંગભેદ અને સમાનતાનું આ સ્પષ્ટ ઉદાહરણ છે. ધંધા-ઉધોગ અને સંચાલનમાં પણ તેમના ફાળાને ઉલેખવામાં આવ્યો છે. સ્ત્રી નિયોજકો કે મેનેજરોએ કેટલાંક ક્ષેત્રોમાં અનન્ય ફાળો આપ્યો છે. કેટલીક સ્ત્રીઓ મલ્ટીનેશનલ કંપનીઓમાં ઉચ્ચ સ્થાને પહોંચી છે એ પણ હકીકત છે. એમ તો ભારતમાં શ્રીમતિ ઇન્દીરા ગાંધી સ્ત્રી વડાપ્રધાન રહી ચૂકયા છે, ગુજરાતમાં પણ શ્રીમતિ આંનદીબેન પટેલ મુખ્યમંત્રી પદે બિરાજે છે. આમ છતાં સમગ્રપણે સ્ત્રીઓને વિવિધ ક્ષેત્રોમાં જે મહત્વ મળવું જોઇએ તે મળ્યું નથી. રાજકારણ, વહીવટ, ઉદ્યોગ-નિયોજન, સંચાલન હજુ જાણે સ્ત્રીઓના ક્ષેત્રો હોય નહીં તેવો પુરૂષપ્રધાન અભિગમ (patriarchal approach) પ્રવર્તે છે. આ મનોવૈજ્ઞાનિક ગ્રંથિ જ સ્ત્રી શોષણના મૂળમાં છે તે વાત સૌએ સમજવા જેવી છે. દેશના વડાપ્રધાન પદે કે રાજયના મુખ્યમંત્રી પદે સ્ત્રી હોય ત્યારે પણ દેશમાં સ્ત્રીઓનું જાતિય શોષણ, બળાત્કાર, લીંગ-ભેદ, ભૃણહત્યા ચાલુ રહે તે કેવી વિડંબના કહેવાય! તેમાં સ્ત્રી વડાપ્રધાન કે સ્ત્રી મુખ્યમંત્રીનો દોષ નથી પરંતુ પુરૂષના અધિપત્ય (male domination) ના મૂળીયા કેટલા ઊંડા છે તે દર્શાવે છે.

સ્ત્રી-પરૂષ સમાનતાની વાતો કરવાથી કશું વળવાનું નથી તેના માટે નક્કર પગલાં લેવાનો સમય આવી ગયો છે. સશકત કાયદાઓની તો જરૂર છે જ પરંતુ સમગ્ર સમાજે તેની માનસિકતા બદલવાનો સમય આવી ગયો છે. વિકાસશીલ દેશોમાં સ્ત્રીઓની શ્રમશકિત, કૌશલ્ય અને સંચાલન શકિતનું મૂલ્ય હવે સમજાવા લાગ્યું છે. યુ.એસ.એ., કેનેડા અને અન્ય પશ્ચિમી દેશોમાં સ્ત્રી નિયોજકો, મેનેજરો અને નેતાઓની ટકાવારી વધવા લાગી છે જે વિકાસની ઉર્ધ્વગતિ દર્શાવે છે. ભારતીય સમાજની પરંપરા મુજબ સ્ત્રી ગૃહિણી ગણાય છે તેનું કર્તવ્ય પતિ તેમજ તેના પરિવારની સેવા કરવાની છે તેવું મનાય છે. ભારતીય મહાકાવ્યો, લોક સાહિત્ય અને ધર્મ શાસ્ત્રોએ સ્ત્રીઓને પરિવારના બંધનમાં બાંધી દીધી છે. પુરૂષો જાહેરજીવન, ધન-ઉપાર્જન અને વહીવટ તેમજ સામાજિક વ્યવહાર કરે છે જયારે સ્ત્રીઓ ઘરકાર્ય, સફાઇ, રસોઇ અને પરિવારની સુશ્રુષા કરે છે. ઘરને સંભાળવાનું આટલું મહત્વનું કાર્ય કરવા છતાં તેની કોઇ ગણના થતી નથી. જાહેર જીવન તેના માટે પ્રતિબંધિત ગણાતું હતું. વિધિ-વિધાનો અને પરંપરાઓની બેડીઓ તેના પર લાદવામાં આવી હતી. "જયાં સ્ત્રીઓ પૂજાય છે ત્યાં દેવો વસે છે." એવા સુષ્ક વચનોથી તેને રીઝવી દેવાનો પ્રયત્ન કરવામાં આવેલો: સ્ત્રી પરિવાર અને સમાજ માટે બલિદાન આપતી રહે છે. તેને પોતાની કોઇ માંગ નથી. પોતાના માટે કોઇ અવકાશ (space) નથી. ભારતીય સમાજ કૃષિ આધારિત સમાજ હતો અને તેમાં સ્ત્રીઓનું કાર્ય ઘર અને પરિવારની સારસંભાળ રાખવાનું હતું સ્ત્રીઓએ મહત્વના કોઇ નિર્ણયો લેવાનું કે આર્થિક સંચાલન કરવાનું ન હતું તેને પોતાની કોઇ મૂડી, પૂંજી કે મિલ્કત ન હતી. આમ સ્ત્રીઓને આર્થિક વ્યવસ્થા અને સંચાલનમાંથી બાકાત રાખવામાં આવી હતી. માનવ સમાજનો આનો મોટો હિસ્સો પુરૂષપ્રધાન પરંપરાને

કારણે સમાજના વિકાસમાં સીધો ફાળો આપી શકયો નહીં.

૨૦મી સદીમાં સમગ્ર જગતમાં મોટા પરિવર્તનો આવ્યા, બીજા વિશ્વયુધ્ધ બાદતો સમગ્ર વિશ્વનો નકશો બદલાયો. ૧૯૪૭માં ભારત સ્વતંત્ર બન્યું. લોકશાહી પ્રજાસત્તાક દેશ તરીકે લીંગ-ભેદ, જાતિ-ભેદને દૂર કરવા બંધારણમાં જોગવાઇઓ કરવામાં આવી. તેના અન્વયે નવા કાયદાઓ પણ બન્યાં. સ્વતંત્ર ભારતમાં સ્ત્રી શિક્ષણનું પ્રયાણ વધવા લાગ્યું. સ્ત્રીઓમાં પોતાની ક્ષમતા અને કાર્ય (role) અંગે સભાનતા અને જાગૃતિ આવવા લાગી. આ ગતિ ધીમી પણ મક્કમ હતી જેના પરિણામે આજે હવે સમાજ અને દેશના મહત્વના સૌ ક્ષેત્રોમાં સ્ત્રીઓ કાર્યરત જોવા મળે છે. નિષ્ઠા, શકિત અને કૌશલ્યમાં સ્ત્રીઓ કોઇ રીતે પુરૂષોથી પાછળ નથી તે હવે સાબીત થઇ ચૂકયું છે. સ્ત્રીને મૂલવવા વપરાતા જૂના કાટલાં હવે નક્કામા બની ગયા છે.

ભારતમાં આજે સ્ત્રીઓ શ્રમ અને કૌશલ્યના દળ (force) તરીકે કુલ ટકાવારીમાં ૫૦% હિસ્સો ધરાવે છે. કુલ ૨૭ કરોડથી વધારે શ્રમદળમાં આશરે દસ કરોડ શ્રમદળ મહિલાઓ છે. આર્થિક જરૂરીયાતોને કારણે મહિલાઓ કામ કરવા માંગે છે. પરંતુ તેમનો મોટો હિસ્સો આજે પણ રોજગારીથી વંચિત રહે છે. આજે પણ ૪૦% મહિલાઓ રોજગાર વિનાની (unemployed) છે. ૧૯૮૧ની વસતિ ગણતરી મુજબ માત્ર ૧,૫૦,૦૦૦ મહિલાઓ જ સ્વરોજગારમાં છે, જે કુલ સ્વ-રોજગારી મેળવનારાના માત્ર ૫.૨% છે. તેમાં પણ મોટાભાગની મહિલાઓને ઓછું વેતન આપવામાં આવે છે. તેને કૌશલ્યમાં ઉતરતી ગણવામાં આવે છે. તેની ઉત્પાદન ક્ષમતા ઓછી ગણવામાં આવે છે. વાસ્તવમાં તેને ઓછા ઉત્પાદનવાળા કામમાં જ રોકવામાં આવે છે. આજે પણ ૯૦% (૮ કરોડ) મહિલાઓ ગ્રામ્ય વિસ્તારોમાં કામ કરે છે. શહેરોમાં માત્ર ૧૦% (૮૬ લાખ) માત્ર ૨૫ લાખ અત્રીઓ જ સંગઠિત ક્ષેત્રમાં કામ કરે છે. આ આંકડાઓ દર્શાવે છે કે, આજે પણ દેશના આર્થિક વિકાસમાં મહત્વની ભૂમકા ભજવવામાં સ્ત્રીઓને એક યા બીજી રીતે બાકાત રખાય છે. નિયોજન (entrepreneurship), સંચાલન (managment), ટેકનીકલ કૌશલ્ય અને સામાજિક નેતૃત્વના ક્ષેત્રો હજુ સ્ત્રીઓ માટે વણસ્પર્શ્યા (untouched) તેમજ વણખેડેલા (untapped) રહ્યાં છે. આ બાબતમાં દોષ સ્ત્રીઓનો નથી પરંતુ આપણી પુરૂષપ્રધાન અર્થવ્યવસ્થા અને સંચાલન વ્યવસ્થાનો છે.

સ્ત્રીઓમાં હવે શિક્ષણનું પ્રમાણ વધતું જાય છે અને રોજગારીમાં તેમની ટકાવારી પણ વધતી જાય છે. આમ, મહિલાઓમાં રોજગારીનું પ્રમાણ વધે તે દેશના વિકાસમાં ખૂબ જ આવશ્યક છે. મહિલાઓમાં સ્વરોજગારી પણ વધે તે જરૂરી છે. આ બાબતમાં મહિલા નિયોજકોને પ્રોત્સાહન કરવાની સરકાર, કોર્પોરેટ ક્ષેત્ર તેમજ સમગ્ર સમાજની જવાબદારી છે. આપણા દેશમાં કેટલાંય વ્યવસાયો કે ઉદ્યોગો છે જેને આપણે women specific કહી શકીએ. આવા વ્યવસાયોમાં મહિલા નિયોજકો ખૂબ જ સારી રીતે કામ કરી શકે. આવા વ્યવસાયોમાં મહિલા-શ્રમિકો / કર્મચારીઓને રોજગારી મળી શકે અને દેશની GDP માં વધારો પણ થઇ શકે. સાથોસાથ મહિલાઓ સ્વનિર્ભર અને આર્થિક બાબતમાં સ્વતંત્ર હોવાનો અનુભવ કરી શકે. મનોવૈજ્ઞાનિક રીતે આ પ્રકાર તેની લાગણી તેમના આત્મવિશ્વાસમાં વધારો કરે છે અને લીંગભેદના કલંકને દૂર કરવામાં મહત્વનો ફાળો ભજવે છે.

ભારતનો હીરા ઉદ્યોગ સ્વરોજગારીનો મોટો નમૂનો છે. હીરાઉદ્યોગ મહદ્‌અંશે ગુજરાતમાં કેન્દ્રિત થયેલ છે. વિશ્વબજારમાં ભારતનું સૌથી મોટુ ગ્રાહક અમેરિકા છે. હીરાઉદ્યોગ ભારતમાં ખાસ કરીને ગુજરાતમાં લાખો લોકોને રોજગારી પૂરી પાડે છે અને પ્રતિવર્ષ ૩૫,૦૦૦ થી ૪૦,૦૦૦ કરોડનું હુંડીયામણ કમાવી આપે છે. હીરા ઉદ્યોગ એક એવો વ્યવસાય છે જે ગ્રામ્ય વિસ્તારોમાં પણ સુપેરે ચાલે છે. વીજળી તેમજ ટેલીકોમ્યુનિકેશનની સુવિધાઓને કારણે હવે આ વ્યવસાય ગ્રામ્ય વિસ્તારોમાં તેમજ સૌરાષ્ટ્ર, ગુજરાતના નાના નગરોમાં પણ વિકસ્યો છે. આ ઉદ્યોગને કારણે આડકતરી રીતે ૫૦ લાખ લોકો નભે છે અને ૨.૫ કરોડ લોકોનું ગુજરાન ચાલે છે. ડાયમંડ પ્રોસેસીંગમાં ભારતીય હીરા ઉદ્યોગ નંબર-૧ પર છે તે નિર્વિવાદ હકીકત છે. હવે હીરા ઉદ્યોગ Gems and Jewellery તરફ વળવા

લાગ્યો છે. જે આ ઉદ્યોગ માટે સારા સમાચાર છે. ભારતના કેન્દ્રીય અંદાજપત્રમાં ૨૦૦૯-૧૦ના વર્ષ માટે બ્રાન્ડેડ જવેલરી પર લેવાતી ૨% એકસાઇઝ શયુટી પણ નાબૂદ કરવામાં આવી હતી. હવે ભારતે આ દિશામાં વિશ્વના જવેલરી બઝારમાં તેનું એક ચોકકસ સ્થાન ઉભું કરવાની જરૂર છે. આ દિશામાં મહિલા નિયોજકો મહત્વનો ફાળો આપી શકે તેમ છે. જવેલરી સ્ત્રીઓના આકર્ષણનો વિષય છે. મહિલાઓ female psychology ને વધારે સારી રીતે સમજી શકે. આમ, પણ સ્ત્રીઓમાં સર્જનાત્મકતાનું પાસુ મજબૂત હોય છે. આ ઉદ્યોગમાં ટેકનોલોજી, નવીનીકરણ (innovation) અને સર્જનાત્મકતાનો સમન્વય કરવાની ખાસ આવશ્યકતા છે.

ઘુજરાત રાજયે છેલ્લાં દશકામાં વિકાસનું એક મોડેલ રજુ કર્યુ છે જેના કારણે ગુજરાતના મુખ્યમંત્રીશ્રી નરેન્દ્ર મોદીને જનમતે દેશના વડાપ્રધાન પદે બેસાડયા છે. ગુજરાતે વીજળી, પાણી, સિંચાઇ, રોડ-રસ્તા અને ઇન્ફ્રાસ્ટ્રકચરની દિશામાં જે પ્રગતિ કરી છે તે બે મિસાલ છે. ગુજરાતના અર્થતંત્રમાં હીરા ઉદ્યોગનો સિંહફાળો છે. હીરા ઉદ્યોગ બીન-સંગઠીત ક્ષેત્ર (unorganized sector) છે પરંતુ તેમાં સીધી કે આડકતરી રીતે ૧૦ લાખથી વધુ લોકો રોજી રોટી મેળવે છે, ગુજરાતમાં હીરા ઉદ્યોગ સુરત, નવસારી, બારડોલી, ભાવનગર તથા અમરેલી જીલ્લામાં વધારે વિકાસ પામ્યો છે. શરૂઆતમાં આ ઉદ્યોગ પાલનપુરના જૈનોના હાથમાં હતો. હ્યવે તે મહદ્અંશે સૌરાષ્ટ્રના પટેલોના હાથમાં છે તેમ કહી શકાય. ગુજરાતના પટેલોએ હીરાઘસવાની મજૂરીથી શરૂઆત કરી હતી. આજે આધુનિક ટેકનોલોજીથી સજ્જ મોટા કારખાનાઓમાં હીરાનું પોલીશીંગ / કટીંગ થાય છે. અગાઉ જણાવ્યું છે તેમ હવે આ ઉદ્યોગ Jewellery ની દિશામાં આગળ વધવા લાગ્યો છે. શરૂઆતમાં હીરાના કારીગરો અત્યંત ખરાબ સ્થીતિમાં કામ કરતા હતા. હવે તેમાં પણ મોટા ફેરફારો થવા લાગ્યા છે. હીરાના કારીગરોમાં શિક્ષણનું પ્રમાણ ઓછું હતું અને માવા-ગુટખા, ધુમ્રપાન જેવી કુટેવોને કારણે તેમની સામાજિક છાપ પણ સારી ન હતી. હવે તેમાં પણ ધીમી ગતિએ ફેરફારો થવા લાગ્યા છે. આ ઉદ્યોગને વધારે વ્યવસ્થિત બનાવવા માટે શિક્ષણ, તાલીમ, કોમ્પ્યુટરનું જ્ઞાન અને આધુનિક work culture કેળવવાની ખાસ જરૂર છે, તેવી જ રીતે આ ઉદ્યોગમાં બેન્કો દ્વારા વ્યવહારો, સુવ્યવસ્થિત હિસાબો, રજીસ્ટ્રેશન, નિયમસરના ટેકસચૂકવણા, કર્મચારીઓને બેન્ક દ્વારા પગાર, પ્રોવિડન્ટ ફંડ તથા અન્ય લાભોની પણ સત્વરે જરૂર છે.

હીરા ઉદ્યોગમાં જેમ પટેલ જ્ઞાતિનું પ્રભુત્વ છે તેમ આ વ્યવસાયમાં પુરૂષોનું પણ પ્રભુત્વ છે. વાસ્તવમાં યોગ્ય તાલીમ આપવામાં આવે તો મહિલાઓ પણ સરસ રીતે કામ કરી શકે. સુરતમાં અને સૌરાષ્ટ્રમાં હીરા ઉદ્યોગ પટેલોના હાથમાં છે અને પટેલો મહિલાઓને બહાર કામ કરવાની બાબતમાં જૂની માનસિકતા આજે પણ ધરાવે છે. હકીકતમાં આ પરિસ્થીતિ હવે બદલવી જોઇએ. સ્ત્રીઓને અનુરૂપ, સલામત, woman friendly હીરાના કારખાનાઓ શરૂ કરવાનગી હવે જરૂર છે. આમ, કરવાથી હીરા ઉદ્યોગમાં કારીગરોની હાલમાં વર્તાતી અછત પણ દૂર થશે અને મહિલાઓ રોજગારી પ્રાપ્ત કરીને સ્વાવલંબી બની શકશે પરિવારની આવક વધશે અને તેની સાથે તેમનો સુખાકારીનો આંક પણ ઊંચો જશે.

સુરતમાં હવે આદીવાસી મહિલાઓને હીરા ઉદ્યોગમાં રોજગારી આપવાની શરૂઆત થઇ ગઇ છે. ૨૦૧૩ના Times of India ના અહેવાલ મુજબ તાપી, સુરત, ડાંગમાં દર આઠ હીરા ઘસનારે એક આદીવાસી મહિલા કારીગર કાર્યરત છે. સુરતમાં દર ૧૨ હીરા ઘસનારે ૧ મહિલા કારીગર છે. આમ કુલ ચાર લાખ જેટલા હીરા ઘસનારાઓમાં ૩૦,૦૦૦ની આસપાસ મહિલા કારીગરો છે. સુરતના નાના અને મધ્યમ કદના હીરા ઉદ્યોગકારોએ ઝાંખવાવ, માંડવી, વાંકલ, આહવા તયા મહારાષ્ટ્રના બોર્ડર વિસ્તારમાં નંદુરબારના ગામડાંઓ ૧૩૦ જેટલા એકમો શરૂ કર્યા છે. જેમાં લગભગ ૨૧,૦૦૦ જેટલી મહિલાઓ કામ કરે છે. કુશળ મહિલા કારીગરોની સંખ્યા હવે ૨,૫૦૦ જેટલી થઇ ગઇ છે. જશુબેન વસાવા નામના નંદોલા ગામના

બહેન કહે છે. □પહેલાં હું વાંસની હસ્તકલામાંથી મહિને ત્રણ હજાર કમાતી હતી, હવે દર મહિને હું હીરા ઘસવામાં આઠ હજાર કમાય લઉં છું." (મેલ્વીલ રેગ્ગી થોમસ, TNN, એપ્રિલ ૧૧, ૨૦૧૩)

મનજી બેલાડીયાએ વાંકલ ગામમાં હીરા ઘસવાનું એકમ શરૂ કર્યુ છે જેમાં આજે કુલ ૧૭૫ આદીવાસી સ્ત્રી-પુરૂષો કામ કરે છે. તેમાં ૬૫ મહિલાઓ છે. (રેગ્ગી થોમસ, TNN) ઓરીયાના ડાયમન્ડઝના માલિક રમેશ કુકડીયાએ પણ ઝાંખવાવ તથા ડાંગના આહવામાં હીરા ઘસવાના એકમો શરૂ કર્યા છે. જેમાં કુલ ૪૦૦ કારીગરો કામ કરે છે. તેમાં ૧૦૦ મહિલાઓ છે.

સુરતના હરિકૃષ્ણ એકસપોર્ટ પ્રા.લી.માં બે મહિલાઓ કાજલ સોરઠીયા અને જલ્પા નારોલા હીરા પોલોશીંગની પ્રથમ બે કારીગરો બની છે. જેણે ૧.૦૬ અને ૧.૦૨ કેરેટના હીરાઓ રેકોર્ડ ગતિએ ઘસી બતાવ્યા છે. આ બાબત બતાવે છે કે હીરા પોલીશીંગ કંઇ પુરૂષોનો ઇજારો નથી. કાજલ સોરઠીયાતો કાંખઘોડીની મદદથી ચાલે છે. Physically challenged હોવા છતાં આ મહિલાએ સાબિત કરી આપ્યું છે કે, શારીરિક અશકિત જો અતિક્રમી શકાતી હોય તો પછી લીંગભેદની દિવાલ કેમ તૂટતી નથી ? હરિકૃષ્ણ એકસપોર્ટના મેનેજીંગ ડીરેકટર ઘનશ્યામ ધોળકીયા જણાવે છે તેમણે હીરાના કટીંગ અને પોલીશીંગ માટે મહિલાઓને તાલીમ આપવાનું બીડું ઝડપ્યું છે. સુરતના અન્ય હીરા ઉદ્યોગ ગૃહોએ પણ આ કામ સત્વરે ઉપાડવાની જરૂર છે. (www.diamonds.net/ Rapaport. Jan 27, 2014)

મહિલાઓને સ્વરોજગારી તેમજ entrepreneurship માટે ઉત્તેજન આપવા માટે સરકાર તેમજ સમાજે કટિબધ્ધ થવું પડશે. ટેના માટે યોગ્ય સુવિધાઓ, સલામતિના પગલાંઓ લેવા પડશે. માત્ર મહિલાઓના એકમો પણ શરૂ કરી શકાય જેમાં સલામતિ (security) ની પૂરી વ્યવસ્થા હોય. કાર્યનું સ્થળ મહિલાઓને અનુરૂપ બનાવવું જોઇએ. મહિલાઓને ઘરની ફરજો પણ બજાવવાની હોય છે તેથી તેમના કામના કલાકો ૬ થી ૮ વધુમાં વધુ હોવા જોઇએ. તેમના પર દેખરેખ રાખવા મહિલા સુપરવાઇઝર હોવા જોઇએ. CCTV કેમેરા અને અન્ય આવશ્યક ટેકનોલોજીનો ઉપયોગ થવો જોઇએ. કારખાના વહારની Security મજબૂત અને આધુનિક હોવી જોઇએ. તેમને ઘરેથી લાવવા મુકવાની વ્યવસ્થા કારખાનાઓ એ બસો દ્વારા ગોઠવવી જોઇએ. મોરબીના અજન્ટા / ORPAT માં આ પ્રકારની વ્યવસ્થા છે, જેમાં ૨૫-૩૦ કી.મી. દૂરના ગામડાંઓમાંથી મહિલા કર્મચારીઓને દરરોજ તેના ગામમાં મૂકી તેમજ લઇ જવાની વ્યવસ્થા છે. કોઇ પણ નવી શરૂઆત થોડી કઠીન હોવાની પરંતુ લાંબા ગાળે તે ક્રાંતિ સર્જનારી બની શકે. હીરાઉદ્યોગની માલિકીના સ્તરે હજુ પુરૂપો છે, તેમાં પણ સુશિક્ષિત મહિલાઓ ચોકકસપણે ઝંપલાવી શકે કોર્પોરેટર ક્ષેત્રમાં મહિલાઓ ઉચ્ચસ્થાને બીરાજે છે તો આ ઉદ્યોગમાં કેમ નહીં ? હકીકતમાંતો હીરા ઉદ્યોગની છાપ (image) બદલવાની ખાસ જરૂર છે. સુરતના હીરા ઉદ્યોગકારોમાં હવે નવા વિચારો ઝડપથી પ્રસરવા લાગ્યા છે, આવતાં દિવસોમાં લીંગભેદ ભૂસવાની દિશામાં પણ આ ઉદ્યોગ ગતિશીલ બનશે તેવી આશા રાખવી અસ્થાને નથી.

**સંદર્ભ :**


૧) નિમાવત, શ્રીધર. "સુરતના હીરા ઉદ્યોગના સૌરાષ્ટ્રના કામદારોનો સામાજિક-આર્થિક અભ્યાસ" મહાશોધ નિબંધ, એપ્રિલ-૨૦૧૪, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત.

૨) વરસાણી, દીલીપ એલ. "નિયોજકો, નિકાસકારો, કારીગરો અને સુરત શહેના હીરા ઉદ્યોગનો વિકાસ મહાશોધ નિબંધ, અર્થશાસ્ત્ર વિભાગ, દક્ષીણ ગુજરાત યુનિવર્સિટી, સુરત-૨૦૦૪.

૩) મેલ્વીલ રેગ્ગી થોમસ, TNN, એપ્રિલ ૧૧, ૨૦૧૩.

4) Government of India. Economic survey, 1999-2000.

5) Soni, Kumari. "Challenges and opportunities for women entrepreneurs in India under Globalisation IOSR Journal of Business and Management, vol.5, issue-2 (Sep-Oct, 2012) pp.29-35.

6) www.diamonds.net / Rapaport.Jan 27, 2014.